Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No. - 0261-2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંકઃજોડાણ(સાન્દ્રા)(નર્સિંગ)/૮૮૧ /૨૦૨૫ તા.૦૭–૦૧–૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સાન્દ્રા શ્રોફ કોલેજ ઓફ નર્સિંગ,
પ્લોટ નં ૩૩૪,૩૩૫,૩૩૬ અને ૩૩૮ ,
હરિયા એલ.જી.રોટરી હોસ્પિટલ કેમ્પસ ,
જી. આઈ. ડી. સી., વાપી

**વિષયઃ**– શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ ના ચાલુ જોડાણની મંજુરી તથા શરતો પરિપાલન કરવા અંગે.
**૧: કોલેજનું નામઃ**– સાન્દ્રા શ્રોફ કોલેજ ઓફ નર્સિંગ,
**૨: પ્રોગ્રામઃ બી.એસસી.(નર્સિંગ)** ( સ્વનિર્ભર અભ્યાસક્રમ)
**સંદર્ભઃ**– સ્થાનિક તપાસ સમિતિની ભલામણને
૧: એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪–૧૨–૨૦૨૪ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૨૮૯) થી આપેલ મંજુરી.

**મહાશય/મહોદયા,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રથી આપશ્રીની કોલેજની શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫–૨૬ ના ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં નિયુક્ત સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસ બાદ, સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલસંદર્ભ પત્રથી એકેડેમિક કાઉન્સિલ દ્વારા મંજુર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટની જાણ કરવાની કરેલ ભલામણ ધ્યાને લઈ આપશ્રીને B.SC(NURSING) અભ્યાસક્રમ નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણની મંજુરી આપવામાં આવે છે. આપશ્રીને સદરહું શરતોના પરિપાલન સ્ટેચ્યુટ ૨૭૬(૨) ની જોગવાઈ મુજબ કરવા સાથે તેના આધાર રાજય સરકારશ્રીને ચાલુ જોડાણની દરખાસ્ત કરવા સારું યુનિવર્સિટી કાર્યાલયના જોડાણ વિભાગમાં દિન–૧૫ સુધીમાં અચૂક જમા કરાવવાની આથી જાણ કરવામાં આવે છે.

**શરતો :**

1. Salary to the permanent teaching and non-teaching staff should be implemented as per norms of University.
2. Approval should be taken from the University for the tutors appointed on ad-hoc.
3. Ordinance 69 (A) and 69 (B) should be followed.
4. Observe and follow the norms implemented by INC and GNC.

(૧) કેન્દ્ર સરકારની જળશકિત વિભાગ અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન, ન્યુ દિલ્હી, ના તા.૧૦/૧૦/૨૦૨૪ ના પત્રક્રમાંકઃ1-1/2024/ENCT (JSA) થી ભુગર્ભ જળસ્તરનું લેવલ ઊચું લાવવા માટે"કેચ ધ રેઈન" કેમ્પેઈન હાથ ધરેલ હોય માટે કોલેજને કેમ્પસમાં રીચાર્જ બોરવેલ અને હારવેસ્ટિંગની કાર્યવાહી સમય મર્યાદામાં કરવા તેની જાણ કરવામાં આવે છે.

(૨) શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફી ની રકમ ઓર્ડિનન્સ–૬૬ ની જોગવાઈ મુજબ ૩૦/૦૮/૨૦૨૫ સુધીમાં અચૂક જ જમા કરાવવાની જાણ સાથે નિયત તારીખ બાદ જે ફી જમા કરાવવામાં આવશે તો પ્રતિદિન રૂા.૧૦૦૦/– લેખે દંડ સાથે જ ફી સ્વીકારવામાં આવશે જેની અચૂક નોંધ લેવા સારું.

ચાલુ શૈક્ષણિક વર્ષ/ગત શૈક્ષણિક વર્ષ/ વર્ષોની ચાલુ–વધારાના જોડાણની જે શરતોના પરિપાલન જો આપના દ્વારા કરવામાં આવેલ ન હોવાને કારણે ચાલુ–વધારાના જોડાણનું જાહેરનામું જાહેર ન થશે અને તે કારણે આપશ્રીના ચાલુ–વધારાના જોડાણ વિષયક રાજય સરકારશ્રી સંબધિત વિભાગ દ્વારા ભવિષ્યમાં જે નિર્ણય કરવામાં આવશે તે આપશ્રીને બંધનકર્તા રહેશે જેની અચૂક જ નોંધ લેવી.

ભ વ દિ ય
કુલસચિવ વતી

__બિડાણ__ : ૧. સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ
૨. અધિકાર મંડળના ઠરાવ
૩. શરતો પરિપાલનના નમૂના

__નકલ સવિનય રવાનાઃ__
પ્રતિ,
ઈ.ચા.નાયબ કુલસચિવ,
એકેડેમિક/પી.જી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.....જાણ તથા જરૂરી કાર્યવાહી અંગે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૪–૧૨–૨૦૨૪ ની ભલામણ ક્રમાંક :(૨૮૯) નીચે મુજબ છે.</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાન્દ્રા શ્રોફ કોલેજ ઓફ નર્સિંગ, પ્લોટ નં ૩૩૪,૩૩૫,૩૩૬ અને ૩૩૮ હરિયા એલ.જી.રોટરી હોસ્પિટલ કેમ્પસ જી. આઈ. ડી. સી., વાપીની બી.એસસી. (નર્સિંગ) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માન.કુલપતિશ્રીની નિયુકત સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસ બાદ ઓનલાઈન અહેવાલમાં જણાવેલ તમામ શરતોનું અને સંબંધિત એપેક્ષ બોડીની શરતોનું પરિપાલન કરવાની શરતે તથા સ્ટેચ્યુટ–૨૭૬(૨) ની જોગવાઈ અન્વયે દિન–૧૫ માં પૂર્ણ કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે બી.એસસી. (નર્સિંગ) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણમંજૂર કરવામાં આવે છે અને તેની જાણ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ ના ચાલુ જોડાણની સ્થાનિક તપાસ સમિતિનાં ઓનલાઈન જમા કરાવેલ અહેવાલમાં યુનિવર્સિટી અધિકાર મંડળના ઠરાવ મુજબ જોડાણની શરત જો ફેરફાર કરવાનું જણાય તો સ્થાનિક તપાસ સમિતિના પ્રથમ સભ્યશ્રીને તેની જાણ કરવા સાથે સ્થળ તપાસની કરેલ કાર્યવાહીને આધારસહ ફેરફાર કરાવવાની કાર્યવાહી કરવા માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે**

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૫ થી તા.૧૪–૬–૨૦૨૬ (૧ વર્ષ) |

## <u>Condition:</u>

1. Salary to the permanent teaching and non-teaching staff should be implemented as per norms of University.
2. Approval should be taken from the University for the tutors appointed on ad-hoc.
3. Ordinance 69 (A) and 69 (B) should be followed.
4. Observe and follow the norms implemented by INC and GNC.